647510 **BRS6AgrC022x** **Seat No :________**

# B.R.S. Semester - 6 (*CBCS*) Examination
# March/April-2025 (NEW COURSE)
# Agronomy (Core -22 (New))

**Time: 2:00 Hours** **Marks: 50**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના માંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો. (૧૦)

1) બાજરાની જાતો RHB-58, GHB-732, GHB-558, GHB-526, GHB-905, PUSA-605 અને NANDI-32 ની સરખામણી કરવા માટે દરેક માવજત માટે સરખી ચાર પુનઃરચના રાખી સંપૂર્ણ યદચ્છ રચના(CRD) મુજબ લેવાના એક ક્ષેત્રપ્રયોગમાં માવજતની યદચ્છ ફાળવણી કઈ રીતે કરશો તે મુદાસર આકૃતિ સાથે સમજાવો.
2) લેટીન ચોરસ રચના મુજબ પાંચ માવજતની ચકાસણી કરવાની છે તો માવજતોની યદચ્છ ફાળવણી કઈ રીતે કરશો તે ઉદાહરણ દ્વારા આકૃતિ સાથે મુદાસર સમજાવો

પ્રશ્ન-૨ નીચેના માંથી કોઇપણ એક પ્રશ્નનો જવાબ આપો. (૧૦)

1) જુવારની જાતો GHJ-712, છાસટીયો, GHJ-43, ગુંદરી, ગુજ.ફોરેજ-16 અને ગુજ.સોરઘમ-4 ની સરખામણી કરવા માટે ચાર પુનઃરચના રાખી RBD મુજબ લેવાના પ્રયોગમાં માવજતોની યદચ્છ ફાળવણી કઈ રીતે કરશો તે મુદાસર આકૃતિ સાથે સમજાવો.
2) ક્ષેત્રપ્રયોગ દરમ્યાન રાખવાની ઈતર કાળજીઓ વિષે વિગતે મુદાસર સમજાવો

પ્રશ્ન-3 ટૂંકનોંધ લખો. (કોઇપણ ત્રણ) (૧૫)

1) વિભક્ત ખંડ રચનાના ફાયદા-ગેરફાયદા
2) ક્ષેત્રપ્રયોગમાં જવાબદારીની સોંપણી
3) લેટીન ચોરસ રચનાના ફાયદા-ગેરફાયદા
4) બીવાન્સ હાફ ડ્રિલ રીત
5) CRD અને RBD વચ્ચેના તફાવતો

પ્રશ્ન-૪ નીચનામાંથી કોઈપણ પાંચ પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ આપો. (૧૫)

1) CRD માં પુનઃરચનાનું સાર્થકતા પરીક્ષણ થઇ શકે કે નહિ? શા માટે?
2) સંપૂર્ણ યદચ્છ રચનામાં પ્રયોગનું માધ્યમ સમાંગ હોવું જોઈએ. શા માટે?
3) LSD માં જો માવજતની સંખ્યા=7 હોય તો હાર, સ્તંભ અને કુલ ખંડની સંખ્યા કેટલી હશે?
4) CRD માં નષ્ટ ખંડ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે કે નહિ? શા માટે?
5) સંપૂર્ણ યદચ્છ રચનાની ઉપયોગિતા જણાવો.
6) ફળદ્રુપતાનો ઢાળ એક દિશા તરફી હોય ત્યારે કઈ જોડકા રચનાનો ઉપયોગ કરશો? શા માટે?
7) CRD ની સરખામણીમાં RBD માં પ્રાયોગિક દોષ વધે કે ઘટે? કઈ રીતે?

****************